# ભરૂચ જીલ્લા પોલીસ દ્વારા કરેલ સારી કામગીરીની માહિતી

DATE: 01/04/2019 CATEGORY: GREEN
E-PAPER GUJARATMITRA PAGE-10

## ઝઘડીયામાં જુગાર રમતા પાંચ ઝડપાયાં



ઝઘડીયા: ભરૂચ એલસીબીએ ઝઘડીયા ચાર રસ્તા પરના ખાનપાર્ક શોપિંગ સેન્ટરની સામે આવેલી ખુલ્લી જગ્યામાં છાપો મારી વરલી મટકાનો જુગાર રમતા પાંચને ઝડપી પાડ્યા હતા. તેઓ પાસેથી ૨૦,૦૦૦ રોકડા તથા મોબાઇલ મળી કુલ રૂપિયા ૨૩,૫૮૦નો મુદ્દામાલ કબજે કરી ઝઘડીયાના રખાફળિયાનો શીવા ભલુભાઈ વાળંદ, સુલતાનપુરનો જાવેદ અસમતખાન પઠાણ, મોહનફળિયાનો જયેશ દલસુખભાઈ વસાવા, જઘડીયાની ઝુંપડપટ્ટી વિસ્તારમાં રહેતો રાજુ દલપતભાઈ મલ અને રાણીપુરા વિસ્તારનો બહિદાસ ધમાભાઈ વસાવાની વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

DATE: 01/04/2019 CATEGORY: GREEN
E-PAPER GUJARATMITRA PAGE-10

# ખાતર વેચાણ કૌભાંડમાં અંકલેશ્વરના ધવલ મોદીની ધરપકડ



અંકલેશ્વર: અંકલેશ્વર જીઆઇડી સી પોલીસે આજરોજ સરકારી ખાતરને બારોબાર ઉદ્યોગોને વેચી નાંખવાના કૌભાંડમાં અંકલેશ્વરના ધવલ અરવિંદ મોદીની રાસાયણિક ખાતર નિયંત્રણ હુકમ ૧૯૫૮ની ખંડ ૨૫ હાઉસમાં એક ભંગ અને આવશ્યક ચીજવસ્તુ ધારા ૧૯૮૫ ની કલમ ૭(૧)(a)(ii) મુજબની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ ખાતર કઈ મંડળી મારફતે ઔદ્યોગિક વસાહતમાં મોકલાતું હોય જેની તપાસ જરૂરી છે.

DATE: 01/04/2019 CATEGORY: GREEN
E-PAPER GUJARATMITRA PAGE-10

# મારામારીના ગુનામાં વોન્ટેડ હાંસોટનો આરોપી ઝડપાયો



અંકલેશ્વરઃ ભરૂચ એલસીબી પોલીસ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, હાંસોટ પોલીસ મથકનો મારામારીના ગુનાનો વોન્ટેડ આરોપી અંકલેશ્વરના દીવા ખાતે આવી રહ્યો છે. જેવી બાતમીના આધારે ભરૂચ એલસીબી પોલીસે દરોડો પાડી હાંસોટના સાહોલ ગામના દરગાહ ફળિયામાં રહેતા મેલજી ઉર્ફે મેલા ખોડાભાઈ વસાવાને ઝડપી પાડી તેની વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

DATE: 01/04/2019 CATEGORY: GREEN
E-PAPER SANDESH PAGE-08

# અંકલેશ્વરના સુરવાડી પાસેથી કારમાં લઈ જવાતો દારૂ ઝડપાયો

અંકલેશ્વર શહેર પોલીસે સુરવાડી ફાટક નજીકથી મારૂતી વાનમાં લવાતો વિદેશી દારૂના મોટા જથ્થા સાથે બૂટલેગરને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી, અંકલેશ્વર પ્રાપ્ત માહિતી અનુસાર મારૂતી વાન ન. જીજે ૧૬ બીએન ૧૨૮૮માં વિદેશી દારૂની હેરાફેરી થવાની છે જેવી બાતમીના આધારે અંકલેશ્વર શહેર પોલીસ મથકનો સ્ટાફ સુરવાડી ફાટક નજીક વોચમાં હતો તે દરમિયાન બાતમીવાળી વાન આવતા પોલીસે તેને અટકાવી અંદર તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની વિવિધ બોટલો નંગ ૨૬૪ મળી આવી હતી. પોલીસે ૩૩ હજારથી વધુનો દારૂ અને એક મારૂતીવાન મળી કુલ ૧ લાક ૧૩ હજારનો મુદ્દામાલ સાથે હાંસોટના કુંભાર ફળિયામાં રહેતા શંકર ઉર્ફે નરેશ અયપ્પા ભંડારીને ઝડપી પાડી તેના વિરૂદ્ધ પ્રોહીબીશન એક્ટ અંગેનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

DATE: 02/04/2019 CATEGORY: GREEN
E-PAPER GUJARATMITRA PAGE-14

# અંકલેશ્વર જીઆઇડીસીમાંથી જુગાર રમતા પાંચ ઝડપાયા



અંકલેશ્વર : અંકલેશ્વર જીઆઇડીસીમાં મેઘા ચોકડી પાસે આવેલી બંધ કંપની નજીક જુગાર રમાય ર હ્યો હોવાની બાતમી જીઆઇડીસી પોલીસને મળતા પોલીસે રેડ કરી હતી. જ્યાં જુગાર રમતા સંજય પરમાર, દિનેશ તડવી, દિલીપ યાદવ, જયંતી વસાવા અને વિનોદ પરમારને ઝડપી પાડી રોકડ રકમ અને ચાર મોબાઈલ મળી કુલ ૧૦ હજાર ઉપરાંતનો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

DATE: 02/04/2019 CATEGORY: GREEN
E-PAPER GUJARATMITRA PAGE-14

# અંકલેશ્વર પોલીસે ફરાર જુગારીને ઝડપી પાડ્યો

અંકલેશ્વર: થોડા મહિના અગાઉ અંકલેશ્વર રેલ્વે સ્ટેશન નજીક આવેલા બસ ડેપો પાસે પટ્ટામાં રમાતા પાનાના જુગાર અંકલેશ્વર શહેર પોલીસે રેડ કરી બેને ઝડપી પાડ્યા હતા. જ્યારે બાબુભાઈ દેવજીભાઈ વસાવા નામના આરોપીને વોન્ટેડ જાહેર કર્યો હતો. અંકલેશ્વર શહેર પોલીસે ફરાર બાબુભાઈને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી.

DATE: 02/04/2019 CATEGORY: GREEN
E-PAPER SANDESH PAGE-09

## ભરૂચમાં પુનઃ એકવાર ટ્રાફિક સમસ્યા નિવારવા પ્રયાસ

# શકિતનાથ- સેવાશ્રમ રોડ પરથી બાઈક, લારી, ગલ્લા ડીટેઈન કરાયા

## ટ્રાફિકજામ અંગે તંત્ર દ્વારા ફરી એક નાટક ભજવાયુ

। ભરૂચ ।

સેવાશ્રમ રોડ પર અવારનવાર ટ્રાફીક જામની સમસ્યા સર્જાય છે. સેવાશ્રમ અને લીંકરોડ ભરૂચ નગરનો મુખ્ય રસ્તો છે ત્યારે સવારે અને સમીસાંજના સમયે ટ્રાફીક જામની સમસ્યા સર્જાતા વાહનો ટ્રાફીકમાં ફસાતા લાંબી કતારો ઉભી થઈ જાય છે. આવી સમસ્યાના પગલે થોડા થોડા દિવસોના અંતરે પોલીસ તંત્ર અને વહીવટી તંત્ર દ્વારા ટ્રાફીકને નડતર રૂપ લારી-ગલ્લા અને આડેધડ પાર્ક કરેલ મોટરસાયકલો ડીટેઈન કરવા અંગેના નાટકો ભજવાય છે.



ભરૂચમાંથી ટ્રાફિક સમસ્યા ઉકેલવા વાહન ડિટેઇન કરાયા હતાં.

આજે પણ સવારના સમયે વાહનોને ડીટેઈન કરવાની કામગીરી કરાતા આડેધડ પાર્ક કરેલ મોટરસાયકલો અને લારી, ગલ્લાના કર્તાહર્તાઓએ દોડધામ કરી મુકી હતી. મળતી માહિતી મુજબ કેટલીક મોટર સાયકલોની હવા પણ કાઢી નાંખી હતી. બિનસત્તાવાર રીતે જાણવા મળતી માહિતી મુજબ ૫૦ કરતા વધુ મોટરસાયકલોને ડિટેઈન અથવા તો પૈંડામાંથી હવા કાઢી નાંખવામાં આવી હતી. જયારે ૨૦ લારી અને ૨૫ ગલ્લા ડીટેઈન કરવામા આવ્યા હતા. તેમની પાસેથી કેટલો દંડ વસુલ કરાયો તે જાણવા મળેલ નથી.

DATE: 02/04/2019 CATEGORY: GREEN
E-PAPER SANDESH PAGE-11

### ચૂંટણી શાંતિપૂર્વક યોજવા કવાયત હાથ ધરાઈ

# ભરૂચમાં પેરા મિલિટરીના જવાનોએ ફ્લેગ માર્ચ યોજી

। ભરૂચ ।

આવનારા દિવસોમાં ભરૂચ લોકસભા બેઠકની ચૂંટણી યોજાનાર છે ત્યારે સમગ્ર ભરૂચ વિસ્તારમાં ચૂંટણી ખુબ શાંતિ પુર્ણ વાતાવરણમાં યોજાય તે અંગે તંત્ર દ્વારા વિવિધ પ્રયાસો કરવામાં આવ્યા છે.



પોલીસ તંત્ર દ્વારા દારૂ અને જુગારની બદી સામે લાલ આંખ કરવામાં આવી છે ત્યારે બીજી બાજુ પાસા જેવો કલમો લગાડી અસામાજીક તત્વોને જેલ ભેગા પણ કરવામાં આવ્યા છે. શાંતિપુર્ણ વાતાવરણમાં ચુંટણી યોજાય તે માટે તંત્ર સજ્જ છે તેમ છતાં ચાંપતો પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવા અંગેની રૂપરેખા ઘડાય રહી છે ત્યારે પેરા મિલેટ્રીના જવાનોએ ભરૂચ ખાતે ફલેગ માર્ચ કરી હતી. આવી પરિસ્થિતિના પગલે ભરૂચ નગરના વિવિધ વિસ્તારોમાં અને ભરૂચ સંસદીય વિસ્તારમાં ફલેગ માર્ચનું આયોજન પણ કરવામાં આવ્યુ હતુ જેથી જવાનો ભરૂચની ભૂગોળથી વાકેફ થાય.

## રાજપારડી વિસ્તારમાં CISFની ફ્લેગ માર્ચ યોજાઇ

રાજપારડી : આવનાર દિવસોમાં લોકસભાની બેઠકની ચૂંટણી યોજાનાર છે. ત્યારે સજાગ ભરૂચ જિલ્લામાં ચૂંટણી ખૂબ શાંતિપૂર્ણ માહોલમાં યોજાય તે અંગે તંત્ર દ્વારા વિશિષ્ટ પ્રયાસો કરવામાં આવી



રહ્યા છે. ત્યારે રાજપારડીના પીએસઆઇ જયદીપસિંહ જાદવ તેમજ સ્ટાફનાં ૪૦ જવાનો તેમજ સીઆઇએસએફ ૬૧૯ કોપ બરોડા નિજામપુરાના ૩૫ જવાનો સહિત રાજપારડી પોલીસ સ્ટેશનનાં વરનેબલ વિસ્તારમાં તેમજ રાજપારડી ચોકડી, કેજનગર, પટેલનગર બજાર જેવા વિસ્તારમાં ફરીને ફ્લેગમાર્ચ યોજી હતી.

DATE: 03/04/2019 CATEGORY: GREEN
E-PAPER GUJARATMITRA PAGE-10

# ચૂંટણી તૈયારીઃ નેત્રંગ તાલુકામાં પોલીસ અને અર્ધલશ્કરી દળોની ફ્લેગમાર્ચ



નેત્રંગ: આગામી લોકસભાની ચૂંટણીમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા અને આમ પ્રજાની સુરક્ષા-વ્યવસ્થા માટે નેત્રંગ પોલીસ સ્ટેશનના કે.ડી જાટની આગેવાની હેઠળ અર્ધલશ્કરી દળોના જવાનો અને પો.કર્મચારીઓએ નેત્રંગ પો.સ્ટેશનથી ચારરસ્તા, લાલમં ટોડી, કોસ્યાકોલા, જવાહર બજાર, ગાંધીનગર બજાર અને જીનબજાર વિસ્તાર સહિત તાલુકાભરના કેટલાક ગામોમાં ફ્લેગમાર્ચ કરી હતી.

DATE: 03/04/2019 CATEGORY: GREEN
E-PAPER GUJARATMITRA PAGE-10

# અંકલેશ્વરમાં દારૂના ગુનામાં નાસતા ફરતા 3 આરોપીઓ ઝડપાયા



અંકલેશ્વર: અંકલેશ્વર શહેર પોલીસના પ્રોહિબિશનના ગુનામાં નાસતા ફરતા આરોપી શાહરૂખ નજીરભાઈ પઠાણ, સત્તાર શેખ, આસિફ નજીર ખાન (તમામ રહે. તાર ફળિયા) થોડા મહિના અગાઉ દારૂની હેરાફેરીમાં વોન્ટેડ જાહેર થયા હતા. અંકલેશ્વર શહેર પોલીસે આ ત્રણેયની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી.

# ખાલપાવાડ નજીક ખુલ્લી જગ્યામાં સટ્ટા બેટિંગનો જુગાર રમતા ત્રણ જુગારીની ધરપકડ



અંકલેશ્વર: અંકલેશ્વર શહેરના હાં સોટ રોડ ઉપર આવેલા ખાલપાવાડ રામકુંડ મંદિર સામે કેટલાક જુગારીઓ ખુલ્લી જગ્યામાં સટ્ટા બેટિંગનો જુગાર રમી ર હ્યા છે. એવી બાતમીના આધારે અંકલેશ્વર શહેર પોલીસ મથકના સ્ટાફે દરોડો પાડી જુગાર રમતા રાહુલ છનાભાઈ વસાવા, સુનિલ દિલીપભાઈ વસાવા અને શ્યામ અજયભાઇ ઠાકોરને ઝડપી પાડી તેઓ પાસેથી રોકડ ૧૦ હજારથી વધુનો મુદ્દામાલ ઝડપી પાડી ત્રણેય વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

DATE: 03/04/2019 CATEGORY: GREEN
E-PAPER GUJARATMITRA PAGE-10

# અંકલેશ્વરના આલુંજ ગામે ટ્રાન્સફોર્મર ચોરીમાં વધુ એક આરોપી ઝડપાયો



અંકલેશ્વર: ભરૂચ એલસીબી, એસઓજી અને તાલુકા પોલીસે આલુંજ ગામેથી વીજ કંપનીના ટ્રાન્સફર્મરની ચોરીમાં ૬ આરોપીને ઝડપી પાડી કોપરનો જથ્થો અને ત્રણ બાઈક મળી કુલ ૭૦ હજાર ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો આ ગુનામાં આલુંજ ગામનો રાકેશ અરવિંદ વસાવા ફરાર થઇ ગયો હતો, તાલુકા પોલીસે રાકેશ વસાવાને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

DATE: 03/04/2019 CATEGORY: GREEN
E-PAPER GUJARATMITRA PAGE-10

# ઝઘડિયાના બોરીદ્રા ગામે પાનાપત્તાનો જુગાર રમતા ચાર ઝડપાયા

ઝઘડિયા: ઝઘડીયાના બોરીદ્રા ગામે બસ સ્ટેન્ડની આજુ બાજુમાં કેટલાક ઈસમો પાનાપત્તાનો જુગાર રમી ર હ્યા છે, બાતમી મળતાં પોલીસે ચારે ઈસમોને ઘેરો કરી ઝડપી પડ્યા હતા, ચારે ઈસમોને તપાસતા તેમની પાસેથી ૨૭૪૦ રૂપિયા રોકડા તથા ૭૫૦૦ ના મોબાઇલ મળી ૧૦૬૬૦નો મુદ્દામાલ જ  કર્યો છે, પોલીસે (૧) જયેશ બાબુ વસાવા (૨) રાહુલ ભુપેન્દ્ર પટેલ (૩) રાજેશ રમેશ વસાવા (૪) મુકેશ અમૃત તડવી વિરૂદ્ધ ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે.

DATE: 03/04/2019 CATEGORY: GREEN
E-PAPER GUJARATMITRA PAGE-10

# અંકલેશ્વર શહેર પોલીસે દારૂના ગુનામાં નાસ્તા ફરતા આરોપીને ઝડપી પાડ્યો



અંકલેશ્વર: અંકલેશ્વર શહેર પોલીસને પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી કે, વલસાડ પોલીસ સ્ટેશનના -પ્રોહિબિશનના ગુનામાં નાસતો-ફરતો આરોપી સફી નબીબ શેખ અંકલેશ્વરના અંસાર માર્કેટ તરફ ફરે છે. જેથી પોલીસે વોચ ગોઠવીને સફીને ઝડપી પાડી વલસાડ પોલીસ સ્ટેશનના હવાલે કર્યો હતો.

DATE: 03/04/2019 CATEGORY: GREEN
E-PAPER GUJARATSAMACHAR PAGE-01

# ભરૂચ મઢુલી સર્કલ પાસે રીક્ષામાં દારૂ લઈ જતો એક શખ્સ ઝડપાયો

ભરૂચ,તા.૨

ભરૂચ એલ.સી.બી. પોલીસે મઢુલી સર્કલ પાસેથી વિદેશી દારૂ ભરેલ ઓટોરીક્ષા સાથે એક આરોપીને ઝડપી પાડ્યો હતો.

## રૂા.૨.૧૭ હજારનો મુદ્દામાલ જપ્ત

ભરૂચ જીલ્લા પોલીસ વડાની સૂચના અને માર્ગદર્શન હેઠળ ભરૂચ એલ.સી.બી. પોલસની અલગ અલગ ટીમ એ-ડિવિઝન પોલીસ મથકના વિસ્તારમાં ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં હતી. તે દરમ્યાન બાતમી મળી હતી કે નંબર વગરની કાળા કલરની ઓટો રીક્ષા વિદેશી દારૂ ભરીને નંદેલાવથી શ્રવણ ચોકડી થઈ ભરૂચમાં આવનાર છે. જે મળેલ બાતમીના આધારે એલ.સી.બી. પોલીસની ટીમ ભરૂચના સીપાઈવાડમાં રહેતા શરીફનવાઝ મલેકની રૂપિયા ૧૨૦૦૦ નાં ઈંગ્લીશ દારૂના બીયર તેમજ મોબાઈલ અને ઓટો રીક્ષા મળી કુલ રૂા.૨,૧૭,૦૦૦ ના મુદ્દામાલ સાથે અટકાયત કરી નશાબંધી ધારા મુજબ કાર્યવાહી હાથ ધરી છે.

DATE: 04/04/2019 CATEGORY: GREEN
E-PAPER GUJARATMITRA PAGE-10

# અંકલેશ્વરમાંથી ટ્રાન્સપોર્ટ ઓફિસનાં ટેમ્પો ચોરીમાં ત્રણ શખ્સો ઝડપાયા



અંક્લેશ્વર: ભરૂચ એલસીબી પોલીસની ટીમ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. દરમિયાન બાતમી મળી હતી કે અંકલેશ્વર નેશનલ હાઈવે પર આવેલ નોબેલ માર્કેટ પાસે ત્રણ ઈસમો ટેમ્પો વેચવા ફરી રહ્યા છે. જેવી બાતમીના આધારે પોલીસે વોંચ ગોઠવી ટેમ્પો નંબર-જી.જે.૧૬.એયુ.૨૫૯૫ આવતા પોલીસે તેને અટકાવ્યો હતો. અને જરૂરી ટેમ્પોના દસ્તાવેજો માંગ્યા હતા. જોકે કોઈ સંતોષકારક જવાબ નહી આપતા ટેમ્પામાં સવાર ત્રણ ઈસમોની અટકાયત કરી તેઓની વધુ પૂછપરછ કરતા ટેમ્પોના ચાલક સંતોષ મહાનંદ શિવ યાદવે જી.આઈ.ડી.સીની ક્રિસ્ટલ ચોકડી પાસે આવેલ અમર ટ્રાન્સપોર્ટમાં ડ્રાઈવર તરીકે નોકરી કરતો હોય ટ્રાન્સપોર્ટના માલિકને કહ્યા વિના ટેમ્પો લઈ ફરાર થઈ ગયો હોવાનું કબુલ કર્યુ હતું. પોલીસે ૨.૫૦ લાખનાં ટેમ્પો મળી કુલ ૨.૫૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરી મૂળ યુપીના અને હાલ ગડખોલ પાટિયાની અવધૂતનગરમાં રહેતા ટેમ્પો ચાલક સંતોષ મહાનંદ શિવ યાદવ અને ગણેશ વિશુન દયાલ યાદવ, શીવકાંત હવલદારસિંગ યાદવને ઝડપી પાડ્યાં હતાં.

# પાલેજમાં ચાલુ કારમાં ક્રિકેટ પર સટ્ટો રમતા બે ઝડપાયા

**પોલીસે કાર રોકી રૂા. ૩.૩૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો**

ભરૂચ: પાલેજ પોલીસ મથકના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર જે જે પટેલ હાઈવે રૂટ નંબર એક ઉપર પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન પોલીસને પાલેજ જીઆઈડીસીમાં ફોરવ્હીલ ગાડીમાં મોબાઈલ ફોન ઉપર ક્રિકેટનો સટ્ટો રમવા-રમાડતા હોવાની બાતમી મળી હતી. જેના આધારે પોલીસે વિસ્તારને કોર્ડન કરી ફોરવ્હીલ ગાડીને રોકી જેમાં ક્રિકેટ પર સટ્ટો રમાડતા બે ઈસમોને ઝડપી પાડ્યા હતા. તેઓના નામ સરનામાં પુછતા બશીર અહમદ ગુલામમયુદીન કાઝી તેમજ મહંમદ મુનાફ અબ્દુલ ગની વોરા (બંને રહે. વડોદરા)ને ઝડપી પાડી તેઓ પાસેથી અંગ ઝડતીના રૂપિયા ૭,૬૧૦, ડેલ કંપનીનું લેપટોપ નંગ ૧ કિંમત રૂપિયા ૨૦,૦૦૦, અલગ અલગ કંપનીના મોબાઈલ નંગ ૬ કિંમત રૂપિયા ૧૦૦૦૦, ઈટીઓશ વિલા ફોરવ્હિલ ગાડી કિંમત રૂપિયા ત્રણ લાખ મળી કુલ ૩,૩૭,૬૧૦ના મુદ્દામાલ કબજે કરી બંને ઈસમો વિરૂધ્ધ પાલેજ પોલીસ મથકમાં ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

DATE: 04/04/2019 CATEGORY: GREEN
E-PAPER SANDESH PAGE-11

# ભરૂચમાં વરલીમટકો રમતા રૂા.૧૪૬૭૦ની મતા સાથે બે ઝડપાયાં



ભરૂચ એલસીબીના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર જે.એન.ઝાલાના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટાફ પેટ્રોલીંગમાં હતા દરમિયાન હે.કો. જયેન્દ્રભાઈને દાંડીયાબજારમાં જાહેરમા જુગાર રમાતો હોવાની બાતમી મળી હતી. બાતમીના આધારે એલસીબીએ દાંડીયાબજાર લોઢવાડના ટેકરા પાસે દરોડો પાડતા ખુલ્લી જગ્યામાં વર્લી મટકાનો જુગાર રમતા બે આરોપીઓ ઝડપાઈ ગયા હતા. એલસીબીએ રોહિત રવજીભાઈ વાઘેલા, રહે. લોઢવાડનો ટેકરો અને ઈમ્તિયાઝ એહમદ તોલાટ રહે.હબીબ પાર્ક, સબજેલ પાસેને ઝડપી પાડયા હતા. બંન્ને અંગઝરતીમાં રોકડા ૧૩૬૭૦ બે કાચી ચીઠ્ઠી, બે મોબાઈલ, એક પેન મળી કુલ રૂા.૧૪૬૭૦ નો મુદ્દામાલ કબ્જે લીધો હતો. બંન્ને આરોપીઓને આગળની કાર્યવાહી માટે ભરૂચ એ.ડીવીઝન પોલીસને હવાલે કરાયા હતા.

DATE: 04/04/2019 CATEGORY: GREEN
E-PAPER SANDESH PAGE-11

# અંકલેશ્વરમાં સીઆઈએસએફની ટીમ સાથે પોલીસની ફલેગ માર્ચ યોજાઈ



અંકલેશ્વર શહેરમાં સીઆઈએસસેફની ટીમ સાથે શહેર પોલીસે ફલેગ માર્ચ યોજી હતી. સંવેદનશીલ વિસ્તાર અને બૂથોથી સ્થાનિક પોલીસ દ્વારા સીઆઈએસએફને વાકેફ કરાયા હતા. આગામી લોકસભાની ચૂંટણી કાયદો અને વ્યવસ્થા જળવાય તે માટે સ્થાનિક પોલીસ સાથે કેન્દ્રની સીઆઈએસએફની ટીમ જિલ્લામાં ફાળવામાં આવી છે. જે પૈકી અંકલેશ્વરમાં ૩૧ જવાનોની એક ટુકડી પ્રથમ આગમન થતા તેમની સાથે શહેર પોલીસ મથકના પીઆઈ એન.એ. ગામીત તેમજ સ્ટાફ સાથે આજરોજ ફલેગ માર્ચ યોજવામાં આવી હતી. શહેરની ભૂગોળથી વાકેફ કરાયા હતા.

DATE: 04/04/2019 CATEGORY: GREEN
E-PAPER SANDESH PAGE-11

# ભરૂચમાં વોન્ટેડ બૂટલેગર રૂા.૨૫ હજારની રોકડ સાથે પકડાયો

ભરૂચ એ.ડીવીઝન પોલીસ સ્ટેશનના પ્રોહિબીશનના ગુનામાં વોન્ટેડ આરોપીને ગણતરીના કલાકમાં એલસીબીએ ઝડપી પાડયો હતો. દાંડીયાબજારમાં રહેતા બુટલેગરને રોકડા ૨૫ હજાર સાથે ધરપકડ કરી હતી. ભરૂચ શહેર એ.ડીવીઝન પોલીસ સ્ટેશનના પ્રોહિબીશનના ગુનામાં આરોપી રાહુલ ઉર્ફે બાલીયો કનુભાઈ મકવાણા વોન્ટેડ હતો. ૧ એપ્રિલે ઝડપાયેલ દારૂમાં પોલીસ ચોપડે આ આરોપી ફરાર હતો. એલસીબીના પોસઈ એ.એસ.ચૌહાણની ટીમને બાતમી મળી હતી કે, રાહુલ મકવાણા શહેરના દાંડીયાબજાર સ્થિત અંબાજી માતાના મંદિર પાસે ઉભો છે જેના આધારે આરોપીને પકડી પાડી ધરપકડ કરવામાં આવી હતી. જેની પાસેથી ૨૫૨૦૦ રોકડા મળી આવ્યા હતા. આ બુટલેગર અગાઉ એ.ડીવીઝનમાં દારૂના પાંચ ગુનામાં પકડાયેલો છે.

DATE: 04/04/2019 CATEGORY: GREEN
E-PAPER SANDESH PAGE-12

# વીજ ટ્રાન્સફોર્મર તોડી કોપર ચોરી કરતી આંબોલીની ગેંગ ઝડપાઈ

। અંકલેશ્વર ।

અંકલેશ્વર શહેર પોલીસ દ્વારા ગત ૫મી માર્ચના રોજ બાતમીના આધારે વીજ ટ્રાન્સફોર્મર તોડી કોપર ચોરી કરતી આંબોલી ગામની ગેંગના ૫ સાગરીતોને ઝડપી પાડ્યા હતા. તેઓએ જે તે વખતે ૭ જેટલા ટ્રાન્સફોર્મર તોડી પાડ્યા હોવાની કબુલાત કરી હતી. આ ગુનામાં શહેર પોલીસ દ્વારા ફરી એકવાર આંબોલી ગામની કોપર ચોર ગેંગના શશીકાંત વસાવા, સતીશ વસાવા, કલ્પેશ વસાવા, મન્સુખ વસાવા અને પ્રકાશ વસાવાની ધરપકડ કરી હતી.આ ઉપરાંત આ કોપર ચોરો પાસેથી ચોરીનું કોપર ખરીદનાર માં રેસિડન્સી નજીક ભંગારનો વેપારો ચલાવતા શશીકાન્ત આત્મારામ રાઠોડ અને સુરતી ભાગોળના ભંગારીયા અબ્દુલ મજીદ શેખની પણ પોલીસે ધરપકડ કરી કોપર ચોરીનો મુદ્દામાલ રિકવર કરવા તેમજ રિમાન્ડની તજવીજ આરંભી છે.

DATE: 05/04/2019 CATEGORY: GREEN
E-PAPER GUJARATSAMACHAR PAGE-01

### અપહૃત બાળકના વાલીની અરજ પછી પણ પોલીસે પગલું ન ભર્યું

# સિતપોણ બાળકને બંધી બનાવી મારપીટ કરનારા અંતે જેલભેગા

ભરૂચ,તા.૪

સિતપોણમાં બાળકને બંધક બનાવી અત્યાચાર ગુજારવાને લગતા વાયરલ થયેલા વિડીયોના પ્રકરણમાં આરોપીઓ સામે અપહરણનો ગુનો દાખલ કરાયો છે. નબીપુર પોલીસે મીડીયાના હેવાલો અને ભોગ બનનારના પરિવારના હોબાળા બાદ ફરીયાદ દાખલ કરી છે.

## બાળક પર અત્યાચારને લગતો વીડિયો વાયરલ થતાં પોલીસ ઉચ્ચાધિકારીઓનું ત્વરિત પગલું

સિતપોણ ગામે બે ઇસમોએ ૯ વર્ષીય બાળકને ચપ્પલ ચોરીના આક્ષેપ સાથે ઉઠાવી લઇ જઇ બાળકને ગામના ફિલ્ટર પ્લાન્ટમાં પુરીને અત્યાચાર ગુજાર્યો હોવા અંગેના વાયરલ થયેલા વિડીયોને લગતા કિસ્સામાં પોલીસે આરોપીઓ સામે અપહરણ સહિત મારપીટ કરવાની કલમ હેઠળ ગુનો દાખલ કર્યો છે. ભરૂચ તાલુકાના નબીપુર સિતપોણ ગામના નવીનગરી વિસ્તારમાં રહેતા સરફરાઝ અબ્દુલ દિવાનના ત્રણ સંતાનો છે. જેમાંથી સૌથી નાનો પુત્ર તૌફીક દિવાન ગામની કુમાર શાળા-૨માં ધોરણ-૪માં અભ્યાસ કરે છે જે રાબેતા મુજબ શાળાએ ગયો હતો. શાળા છુટ્યા બાદ તે શાળાની બહાર રમતો હતો. ગામના બે ઇસમો ઇશાક મુસા બંદલા અને ઇદ્રીશ કાબલી ઉર્ફે ઇદ્રીશ બાપુએ ત્યાં આવીને કહેવા લાગ્યા હતા કે મારા છોકરાના ચપ્પલ તું ચોરી ગયો છે એમ કહી અપશબ્દો ઉચ્ચારી મારપીટ કરી હતી. જે બાદ તેઓએ શાળાએથી તૌફીકને લઇ જઇ ગામના ફીલ્ટર પ્લાન્ટની બાજુમાં આવેલા રૂમમાં જવાની ગેલેરીમાં પુરી દીધો હતો. તૌફીક બીકના માર્યો રડતો હતો અને બન્ને ઇસમોએ તેની પુછપરછ કરી તેને ઉઠક-બેઠક કરાવી દોઢ કલાક સુધી તેને પુરી રાખ્યો હતો. ગભરાયેલો બાળક હવે નહીં કરૂં, મને જવા દો ની કાકલુદી કરતો હતો. પરંતુ બન્ને ઇસમો તે બાળકનો વિડીયો બનાવી મઝા લૂંટતા હતા.

બાળકે સમગ્ર ઘટનાની જાણ તેની

(અનુસંધાન બીજા પાને)

DATE : 06/04/2019 CATEGORY : GREEN
E-PAPER GUJARAT MITRA PAGE-02

# અંકલેશ્વરના જુના દિવા ગામેથી ૬ જુગારીયા ઝડપાયા

અંકલેશ્વર : અંકલેશ્વર શહેર પોલીસે જુના દિવા ગામ ખાતે જુગાર રમતા ૬ જુગારીઓને ઝડપી પાડ્યા હતા. પોલીસે જુગાર રમતાંહેમંત રણછોડ પટેલ, હિતેશ ઉર્ફે લાલો ભારત પટેલ, કાંતિ નારણ પટેલ, વિનોદ હસમુખ પટેલ, અલ્પેશ નટવર પટેલ, અને ઇલ્યાસ ઉર્ફે ભઇલો અલ્લારખાં ગજેરાની ધરપકડ કરી તેમની પાસેથી અંગઝડતીમાંથી રોકડ રૂપિયા ૩૫૪૦ તેમજ દાવ પર લાગેલા ૩૯૦ રૂપિયા મળી કુલ ૩૯૩૦ રૂપિયા રોકડ જ  કર્યા હતા.

### ત્રણ રસ્તા સર્કલ અને પ્રતિન ચોકડી વિસ્તારમાં ચેકિંગ

# અંકલેશ્વરમાં આડેધડ રીતે પાર્ક કરી દેવાયેલાં 40 વાહનો ડીટેઈન

### ભરૂચ બાદ હવે પોલીસની અંકલેશ્વરમાં કાર્યવાહી



અંકલેશ્વરના વિવિધ વિસ્તારોમાં પોલીસે ગમે તેમ પાર્ક કરી દેવાયેલા 40થી વધારે વાહનોને ડીટેઈન કરાયાં હતાં. જેથી વાહન ચાલકોમાં દોડધામ મચી જવા પામી હતી. તસવીર - હર્ષ મિસ્ત્રી

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના ત્રણ રસ્તા સર્કલ તેમજ પ્રતિન ચોકડી સહીતના વિસ્તારોમાં આડેધડ રીતે વાહનો પાર્ક કરી દેતા લોકો સામે પોલીસે ઝુંબેશ હાથ ધરી છે. બંને વિસ્તારોમાં ટ્રાફિકને અડચણરૂપ 40 વાહનો ડીટેઈન કરી લેવાતાં વાહનચાલકોમાં દોડધામ મચી હતી. ભરૂચ અને અંકલેશ્વરમાં ટ્રાફિક સમસ્યાના નિવારણ માટે પોલીસ રસ્તા પર ગમે ત્યાં પાર્ક કરી દેવાતા વાહનો સામે કાર્યવાહી કરી રહી છે.

અંકલેશ્વર શહેર વિસ્તારમાં છેલ્લા કેટલાક વર્ષોથી ટ્રાફિક સમસ્યા વિકટ બની રહી છે. રોડ પર આડેધડ વાહનો પાર્કિંગ કરવામાં આવતા હોવાનું કારણ જવાબદાર છે. વાહનચાલકોને વારંવાર સૂચના આપવી હોવા છતાં વાહનો ગમે ત્યાં પાર્ક કરી દેવામાં આવે છે. શહેરમાં વાહનોની સંખ્યામાં વધારો થઈ રહ્યો હોવાથી રસ્તાઓ નાના પડી રહ્યાં છે તેવામાં આડેધડ પાર્ક કરાતા વાહનોથી સ્થિતિ બગડી છે. ગમે ત્યાં વાહન પાર્ક કરી જતાં રહેતા લોકો સામે પોલીસે કાર્યવાહી હાથ ધરી 40 જેટલા વાહનો ડીટેઈન કરાયાં હતાં. વાહનોને પોલીસ સ્ટેશન ખાતે લઇ જવાયાં હતાં. ભરૂચ અને અંકલેશ્વરમાં ટ્રાફિક સમસ્યાના નિવારણ માટે પોલીસ રસ્તા પર ગમે ત્યાં પાર્ક કરી દેવાતા વાહનો સામે કાર્યવાહી ચાલી રહી હોવાથી વાહનચાલકોમાં દોડધામ મચી છે.

DATE : 07/04/2019 CATEGORY : GREEN
E-PAPER GUJARAT SAMACHAR PAGE-03

# રાજપારડી બજારમાંથી ટ્રાફિકને અડચણરૂપ વાહનો ડિટેઈન કર્યા

રાજપારડી,તા.૬

રાજપારડી નગરમાંથી પોલીસે અડચણ રુપ વાહનોને ડિટેઈન કર્યા હતા તેમાં ૪ મોટરસાયકલ ૧ વાન અને ૧ ઓટોરિક્ષાનો સમાવેશ થાય છે જ્યારે માર્ગ પરથી પસાર થતી ૭ જેટલી ટ્રકોના ચાલકો સ્થળ પર જરૂરી કાગળો નહિ આપી શકતા તેમને નિયમ મુજબ મેમો આપવામાં આવ્યા હતા

## ચાર રસ્તા નજીક ૭ જેટલી ટ્રકો ને મેમો અપાયા

રાજપારડી નગર તેની આજુબાજુના અસંખ્ય ગામો સાથે ધંધાકીય સંબંધોથી જોડાયેલું હોઈ આ ગામોની જનતા રોજબરોજ રાજપારડી વિવિધ કામો અને ખરીદી માટે આવે છે ચાર રસ્તા ફાટક વિસ્તાર મેઈન બજાર ભાલોદ રોડ નેત્રંગ રોડ વિ.વિસ્તારોમાં સવારથી સાંજ સુધી માણસોની ચહલ પહલ રહે છે ત્યારે માણસો અને ટ્રાફિક ને નડતર રૂપ થાય તે રીતે આડેધડ પાર્ક કરેલા વાહનોને પોલીસ દ્વારા કબજે લઈને ડિટેઈન કરવાની કાર્યવાહી શરૂ કરાતા આડેધડ પાર્ક કરતા વાહન માલિકો માં ફફડાટ ફેલાવા પામ્યો છે.

ઉલ્લેખનીય છે થોડા વર્ષો અગાઉ રાજપારડી નગરના ચાર રસ્તા પર જી.એમ.ડી.સી.ના સહયોગથી ચારે દિશાઓને આવરી લેતા સીસી ટીવી કેમેરા ગોઠવવામાં આવ્યા હતા

અકસ્માત કરીને નાસી જતા વાહનો ને ઝડપવા ઉપરાંત કાયદો વ્યવસ્થા ની જાળવણી માં પણ આ કેમેરા સહાયરુપ બની શકે તેમ હોઈ બંધ પડેલા આ કેમેરા પુનઃ ચાલું કરવા યોગ્ય આયોજન કરાય તો તે બાબત પોલીસ ને મદદરુપ થઇ શકે હાલમાં નિયમો નો ભંગ કરતા વાહનો પર પોલીસે લાલ આંખ કરતા આવા વાહન માલિકો માં ફફડાટ ફેલાવા પામ્યો છે.